# સિંગાપોર : ૩ યુનવિર્સિટી અને ૧૨૬ બેન્ક

છેલ્લા ત્રણ દિવસથી સિંગાપોરનો અભ્યાસ થઇ રહ્યો છે. શિક્ષકનો જીવ છે એટલે સ્વાભાવિક છે કે, શિક્ષક બનીને જ અવલોકન થઇ રહ્યું છે. જેમાં શૈક્ષણિક, ઐતિહાસિક, ભૌગોલિક કે ઔદ્યોગિક બાબતોને લઇને જ મનમાં પ્રશ્નો ઉઠે છે અને પ્રશ્નોની સાથે જ માહિતી મેળવવાનો પ્રયત્ન. જેમાં કેટલાક અંશે સફળતા પણ મળે છે. ત્રણ દિવસના રોકાણ દરમિયાન પહોળા સ્વચ્છ રસ્તા અને ઊંચી બિલ્ડિંગને બાજુમાં મૂકીને લોકો સાથેના વ્યવહારની વાત કરીએ તો આબુ, હરદ્વાર, આંદામાન કે ભારતના જ કોઇભાગમાં ફરતા હોય તેવો અહેસાસ થઇ રહ્યો છે. આપ સૌ અત્યારે ગુજરાતના કોઇ એક ખૂણે બેસીને આ સમાચારપત્ર વાંચતા હશો, સાથે દિવાળીના તહેવારની ઉજવણીમાં પણ આનંદ ઉલ્લાસ કરતા હશો. તમને જાણીને નવાઇ લાગશે કે, અત્યારે સિંગાપોરમાં પણ દિવાળીનો માહોલ છે. કદાચ નવાઇની સાથે એમ પણ માનતો હશો કે, લેખકની વાતમાં થોડી અતિશ્યોકિત હશે. તમારી આ માન્યતાને એક જ વિધાનથી દૂર થઇ જશે. તે વિધાન છે, “સિંગાપોરમાં દિવાળી નિમિત્તે ગઇકાલે તા.૫-૧૧-૨૦૧૦ને શુક્રવારે રાષ્ટ્રીય રજા હતી”. એટલું જ નહીં લિટલ ઇન્ડિયા વિસ્તારના મુખ્ય જાહેર માર્ગ પર એક કિમી કરતાં પણ વધુની રોશની. ખૂબ જ નવાઇ સાથે આનંદભેર ગૌરવપણ થયું હશે. કે ભારતીય તહેવારની સિંગાપોરમાં પૂરા રાજ્યમાં જાહેર-રાષ્ટ્રીય રજા ! હા. કારણકે, સિંગાપોરમાં ભારતીયોની વસ્તી મોટા પ્રમાણમાં છે. તેમાં પણ દક્ષિણ ભારતના લોકોનું જ પ્રમાણ વધારે છે. હા.... ભારત કરતાં ચીનના લોકોની વસ્તી ઘણી વધારે છે.

શૈક્ષણિક રીતે જોઇએ તો, સિંગાપોરના લોકો ખૂબ જ મહેનતુ, મહેમાનોનું સ્વાગત કરવામાં માનનારા છે. અહીંની સરકારનું વલણ પ્રવાસીઓ માટે ખૂબ જ ઉદાર છે. અન્ય રીતે વિવેચન કરીએ તો સરકાર અને લોકોને પ્રવાસીઓ માટે ઉદારવલણ રાખવું જ પડે તેમ છે. કારણ કે, સિંગાપોર ખૂબ જ નાનો પ્રદેશ છે. નવા વિકસિત અમદાવાદ જેટલો. પણ વસ્તી અમદાવાદ કરતાં પણ ઓછી. આમ અહીં ઉદ્યોગ ધંધા માટેનો અવકાશ નથી. પાણી, અનાજ અને શાકભાજી બહાર અન્ય દેશમાંથી લાવવા પડે છે.જેથી પ્રવાસન મુખ્ય ઉદ્યોગ બની ગયો છે. લોકો ખૂબ જ માયાળુ. તમે હરદ્વાર કે આબુમાં ફરતા હોવ અને તમને જે રીતે ગુજરાતી લોકો મળે છે, તેમ અહીં ભારતીય લોકો મળે છે. ઘણાં મોલ-સ્ટોરમાં તમે હિન્દી બોલી શકો છો. ટુરિસ્ટ બસમાં હિન્દી ગીતોની સીડી વગાડવામાં આવે છે. અરે ટુરિસ્ટ બસમાં જ કેમ, અહીંના રેડિયો પર એફ.એમ.૯૬.૬ બેન્ડ પરથી હિન્દીમાં જ કાર્યક્રમો પ્રસારિત થાય છે. આટલું જ નહીં અત્યારના રાષ્ટ્રપતિ એસ.આર.નાથન મૂળ ભારતીય છે.

સિંગાપોરમાં કુલ ત્રણ યુનિવર્સિટી છે, તેની સામે ૧૨૬ પરદેશી બેંન્ક છે. આ ત્રણ યુનિવર્સિટીમાં પણ ઘણાં વિદ્યાર્થીઓ પરદેશથી અભ્યાસ કરવા આવ્યા છે. હા.. ચોથી યુનિવર્સ્ટિી ટૂંક સમયમાં શરૂ થવાની છે. જે ત્રણ યુનિવર્સિટી છે તે માં એક નેશનલ યુનિવર્સિટી, બીજી યંગ યુનિવર્સિટી અને ત્રીજી મેનેજમેન્ટને લગતી યુનિવર્સિટી છે. જેમાં હજારો વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. તમને જાણો છો કે, ભારતમાં યુનિવર્સિટી હોય ત્યાં મોટું કેમ્પ્સ હોય, અનેક ભવનો હોય વગેરે વગેરે. જ્યારે પરદેશમાં એવું નથી. એક શોર્પીંગ સેન્ટર કે મોટી ઓફિસ પણ યુનિવર્સિટી તરીકે ઓળખાય છે. સિંગાપોરમાં પ્રાથમિક શિક્ષણ દરેક બાળક માટે ફરજિયાત છે. જો કોઇ બાળક ચોક્કસ ઉંમરે પણ પ્રાથમિક શાળામાં જતું ન હોય તો તેના વાલીને જવાબદાર ગણવામાં આવે છે અને તેની સામે સરકાર ચોક્કસ પગલાં પણ ભરે છે. સિંગાપોરમામ નર્સિંગ સ્કૂલ ત્યારબાદ કે.જી. પછી આપણી જેમ પ્રાથમિક શિક્ષણ શરૂ

થાય છે. અહીં પ્રાથમિક શિક્ષણના ચાર વર્ષ, ત્યારબાદ સેકન્ડરી સ્કૂલના ચાર વર્ષ અને પછી બે વર્ષ જૂનિયર કોલેજ અને અંતે યુનિવર્સિટી શિક્ષણ. આપણી જેમ અહીં પણ સ્કૂલનો સમય અડઢા દિવસનો હોય છે. ડે સ્કૂલ હોય તો તે આખા દિવસની હોય છે. શિક્ષક બનવા માટેભારતની સરખામણીમાં અહીં સમયગાળો ઓછો છે. અહીં છ માસની ટ્રેનિંગ પછી પણ તમે શિક્ષક બની શકો છો. સિંગાપોરમામ સ્કૂલ શિક્ષણ દરમિયાન

ઓછામાં ઓછી બે ભાષા ફરજિયાત ભણવાની હોય છે. જેમાં પ્રથમ ભાષા તરીકે અંગ્રેજી અને બીજી વિદ્યાર્થી પોતાની માતૃભાષા ભણી શકે છે. બીજી ભાષા તરીકે મલયાલમ પણ શીખવવામાં આવે છે! સિંગાપોરમાં અઢાર વર્ષથી ઉપરના તમામ માત્ર યુવાનોએ બે વર્ષ ફરજિયાત રાષ્ટ્રીય સેવામાં આપવાના હોય છે. ત્યારબાદ જ તે અન્ય નોકરી ધંધો કરી શકે. હા... આ દરમિયાન સરકાર તેમને વેતન આપે છે, જો કે આ વેતનથી યુવાનોને સંતોષ નથી.

ટ્રાફિક સેન્સની વાત કરીએ તો ગુજરાતમામ ટ્રાફિકના નિયમો કાગળ પર જ છે. લોકોમાં નિયમો માટે નિષ્ઠા જ દેખાતી નથી. તો પોલીસ ક્યારેક હપ્તા ઉઘરાવવામાં જ વ્યસ્ત જોવા મળે છે. આ બે કારણોથી ટ્રાફિક સમસ્યાઓ વકરતી જાય છે. તો સિંગાપોરમાં કોઈપણ ચાર રસ્તા પર પોલીસ જોવા નહીં મળે ! પોલીસને કોઇ યુનિફોર્મ આપવામાં જ આવ્યો નથી. હા, જરૂર પડે એટલે પોલીસ થોડી જ મિનિટોમાં હાજર થઇ જાય. આપણા શહેરોના ઘણાં રીક્ષા ચાલકો ગામડાના અનેક લોકોને દરરોજ છેતરતા હોય છે. તો અહીં રીક્ષા નથી, પણ ટેક્ષી ચાલકો ગ્રાહક સાથે ખૂબ જ નમ્રતાથી વાત કરે છે. ટેક્ષીમાં બેઠાં પછી તમે ઉતરો ત્યારે ભાડું ચૂકવો ત્યારે જો તમે તમારા ભાડાની પ્રિન્ટ કોપી માંગો તો તમને તરત જ મળી જાય. જેમાં ડ્રાયવરનું નામ,ટેક્ષી નંબર, ટેક્ષી કેટલા વાગે ઉપડી અને કેટલા વાગે તમે પહોંચ્યાં અને થયેલું ભાડું. આમ કોઇ ગ્રાહકના પક્ષે છેતરાવાનું આવતું જ નથી. ટેક્ષી પર "ટેક્ષી" લખેલું બોડહોય છે. જો તેમાં પેસેન્જર બેઠેલા હોય તો તે લાલ રંગથી વંચાય અને ખાલી હોય તો લીલા રંગથી. એટલે આપણી જેમ રીક્ષાને ઊભી રાખવા હાથ લાંબો કરીએ અને નજીક આવે ત્યારે અંદર પેસેન્જને બેઠેલા જોઇને ભોંઠપ અનુભવવી પડતી નથી. ચોક્કસ માર્ગ પર ચોક્કસ સમયે ટ્રાફિક વધુ હોય છે. આ સમસ્યાને નિવારવા ચોક્કસ સમયે ચોક્કસ રસ્તા પરથી પસાર થવા વાહન માલિકે અમુક ટેક્ષ ભરવો પડે છે. દિવસ દરમિયાન આ ટેક્ષની રકમ બદલાતી રહે છે. જેવો ટ્રાફિક તેવો ટેક્ષ. પરિણામે ટ્રાફિકની સમસ્યા આપોઆપ હળવી થઇ જાય છે. આવી વ્યવસ્થા સરકારે નકકી કરવાની હોય છે, અને સમાજ તથા ચોક્કસ યુનિયનોએ સાથ આપવાનો હોય છે.

ઉપરોક્ત બાબતોમાં કેટલી બાબતો સામાજિક શિક્ષણની છે. સામાજિક શિક્ષણ માત્ર શાળા કોલેજોમાંથી ન મળે. તે માટે સમાજ અને સરકારે ચોક્કસ દિશાના પ્રયત્નો અને વર્તન વ્યવહાર કરવો પડે. જો આમ થશે તો આજની પેઢી તો કદાચ નહીં સુધરે પણ આવતી નવી પેઢીને પહેલેથી જ સારા-સાચા પાઠ શીખવ્યા હશે તો તે ચોક્કસથી સારા વર્તન વ્યવહાર કરશે. એકતા કે શિસ્તની ભાવના માત્ર પુસ્તકોના પાઠ શીખવવાથી ન આવે. તે માટે સમાજ અને સરકારે સિંગાપોર જેવા ટચૂકડા દેશ પાસેથી શીખીને અમલ કરવો પડે. હા... આપણા દેશની મુખ્ય સમસ્યાઓ વસ્તી, ગરીબી અને બેકારી કદાચ અવરોધરૂપ બને. પણ સિંગાપોર જેવા દેશ પાસે તો એક પૈસાનું પ્રોડક્શન નથી, અરે પીવાનું પાણી પણ મલેશિયાથી મંગાવે છે. અને ૧૯૬૫માં આઝાદ થયેલ છતાં આ દેશે શૂન્યમાંથી કેવી રીતે સર્જન કર્યું? આ શિક્ષણ શાળા કોલેજોએ આપ્યું ? જેવો રાજા તેવી પ્રજાને નાતે સામાજિક, રાજકીય અને ઔદ્યોગિક રાજાઓએ આપણી પ્રજાને કશુંક શીખવવાની જરૂર છે.